# તરસ્યા લોકો આ પરબે પાણી પીવે છે અને તરસ મારા દિકરાની છીપાય છે

## પાણી પાણીનો પોકાર કરતા મોતને ભેટેલા એક દિકરાની યાદમાં મા-બાપે પરબ બંધાવી : છેલ્લા બાર વર્ષથી આ પરબે અનેક લોકોની તૃષા મીટાવી છે

**(સમીર રામી)** ગાંધીનગર, તા. ૨

અત્યારે ઉનાળો તેની ચરમસીમાએ પહોંચ્યો છે અને ગાંધીનગરમાં ગરમીના કારણે લોકો ત્રસ્ત થઈ રહ્યા છે. દિવસ દરમિયાન વિવિધ કામથી ઘરની બહાર નીકળેલા લોકોને સતત પાણીની જરૂર પડે છે. વિવિધ સંસ્થાઓ અને સેવાભાવી દાતાઓ દ્વારા પાણીની પરબો બંધાવી આ તરસ્યાજનોની તૃષા મિટાવી પુણ્ય કમાવાનો પ્રયાસ હાથ ધરાય છે. પરંતુ ગાંધીનગરના એક પરિવાર દ્વારા તેના વ્હાલસોયા દિકરાની યાદમાં પરબ બંધાવી અનોખી સેવા પ્રવૃત્તિનું ઉદાહરણ પુરું પાડયું છે. આ પરબ સેકટર-૧૨માં આવેલ સીવીલ હોસ્પિટલ કમ્પાઉન્ડમાં સ્થિત ખોડિયાર મંદિર પાસે આવેલ છે જયાં દર્દીઓના સગા સંબંધીઓ સહિત અનેક વટેમાર્ગુઓ અને




વિદ્યાર્થીઓ તેમની તરસ છીપાવી રહ્યા છે.

સેકટર-૨૫માં સહકાર કોલોનીમાં રહેતા નવીનકુમાર જયસ્વાલ અને તેમના ધર્મપત્નિી રંજનબેન જયસ્વાલ એ આ પરબ તેના વ્હાલસોયા દિકરા સ્વ. નિર્મલના સ્મરણાર્થે બંધાવી છે. જો કે પોતાના સ્વજનોની યાદમાં ઘણા લોકો વિવિધ ધર્મકાર્ય અને દાન પુણ્ય કાર્ય કરતા જ હોય છે અને પરબો પણ બંધાવે જ છે પરંતુ નવીનકુમારે બંધાવેલી આ પરબ પાછળની હકીકત થોડીક અલગ છે.

નવીનકુમાર એ ઘ-૨ સર્કલ પાસે રીક્ષામાં બનાવેલ પાનની નાનકડી દુકાન ચલાવતા શ્રમજીવી છે. અને આ કાર્યમાં તેમના પત્નિ રંજનબેન પણ તેમનો સાથ આપે છે અને પતિ પત્નિ બંને વારાફરતી દુકાન સંભાળે છે. આ દંપતિને એક બાળક જન્મ્યું હતું જેનું નામ તેમણે નિર્મલ રાખ્યું હતું. પુત્ર પ્રાપ્તિથી આ દંપતિ ખુબ જ ખુશ હતું. પરંતુ વિધિને કંઈક જુદું જ મંજૂર હતું. આ બાળકને તે માત્ર સવા મહિનાનું હતું ત્યારે જ એક લોહીની ઉલ્ટી થઈ હતી. આથી ગભરાયેલા માતા પિતા તેને હોસ્પિટલ લઈ ગયા હતા અને કેટલીક જરુરી સારવાર કરાવી હતી પરંતુ આ બાળક જેમ જેમ મોટું થતું ગયું તેમ તેમ સમયાંતરે લોહીની ઉલ્ટીઓ થવાનું ચાલુ જ રહ્યું હતું.


નિર્મલકુમાર અને રંજનબેને ઘણી દવાઓ કરાવી, બાધા આખડીઓ રાખી પરંતુ રોગ પકડાતો નહોતો અને મટવાનું પણ નામ લેતો નહોતો. ગાંધીનગરથી શરૂ કરીને અમદાવાદ અને મુંબઈ સુધી તેઓ અનેક ડોકટરોને બતાવી ચૂકયા હતા અને અઢળક રિપોર્ટસ પણ કરાવ્યા છતાં પણ બાળકનો રોગ પકડાયો નહોતો. પૈસા પાણીની જેમ વપરાયા કરતા હતા. વારંવાર નિર્મલને હોસ્પિટલમાં દાખલ કરવો પડતો હતો. અને આ સીલસીલો નિર્મલ ૧૩ વર્ષનો થયો ત્યાં સુધી ચાલુ રહ્યો હતો.

એક દિવસ નિર્મલની વધુ તબિયત લથડતા તેને હોસ્પિટલમાં દાખલ કર્યો હતો ત્યારે ડોકટરે તેને પાણી નહી પીવડાવવાની સુચના આપી હતી. આ દરમિયાન નિર્મલ તેને લાગેલી તરસ ના જીરવાતા પાણી માટેની બુમોથી માતા પિતાનું હૃદય ચિરાઈ જતું હતું. પરંતુ ડોકટરે ના પાડી હોવાથી હૃદય પર પત્થર રાખીને દિકરાને પાણી આપ્યું નહોતું. આ દરમિયાન નિર્મલની વધુ તબિયત લથડતા તે પાણી પાણીના પોકાર કરતો હંમેશા માટે આ ફાની દુનિયા છોડીને ચાલ્યો ગયો. મા-બાપ પર તો જાણે આભ ફાટી પડયું અને તેમણે ખૂબ કલ્પાંત કર્યો છતાં કુદરતની ઈચ્છા સામે મન મનાવવું જ પડયું.

નિર્મલના અવસાન બાદ તેના મા-બાપને નિર્મલની સતત યાદ સતાવતી હતી. રાત્રે સપનામાં પણ નિર્મલ આવીને સતત પાણીની માંગણી કરતો દેખાતો અને તેઓ ઝબકીને જાગી જતા તેમની આંખોમાં અશ્રુધારા સતત વહેતી રહેતી હતી. છેવટે મન મકકમ કરીને આ દંપતિએ પોતાના વ્હાલસોયા દિકરાની યાદમાં તરસ્યા લોકોને પાણી પીવડાવવાનું નકકી કર્યું હતું. આ માટે તેમણે પરબ બંધાવવાનું વિચાર્યું પરંતુ પરબ માટે જગ્યા શોધવાનું કાર્ય પણ ખૂબ મુશ્કેલ હતું. અંતે ઘણી શોધખોળ બાદ સે-૧૨ના ખોડિયાર માતાજીના મંદિરના ટ્રસ્ટીઓએ તેમને મદદ કરી જગ્યા ફાળવી આપી. આ જગ્યા સિવિલ હોસ્પિટલને અડીને હોવાથી તેમને પણ ખુબ જ યોગ્ય લાગી અને તેમણે ત્યાં પરબ બંધાવી.

આજે આ પરબને લગભગ બાર-બાર વર્ષ થવા આવ્યા હજુ પણ અહીંથી તરસ્યા લોકો પાણી પીને પોતાની તરસ મિટાવી રહ્યા છે અને સિવિલ હોસ્પિટલમાં દાખલ થયેલા દર્દીઓના સગા સંબંધીઓ માટે તો આ પરબ આશીર્વાદ સમાન સાબિત થઈ છે. વળી આ પરબ નજીક નર્સીંગ કોલેજ પણ આવેલી હોવાથી આવતા જતા વિદ્યાર્થીઓ પણ અહીંથી પાણી પીને તરસ મિટાવે છે. આજે નવીનકુમાર અને રંજનબેનને એક પુત્ર અને એક પુત્રી એમ બે સંતાનો છે પરંતુ હજુ પણ નિર્મલની યાદ આવતા તેમની આંખમાં ઝળહળિયાં આવી જાય છે અને રંજનબેને સજળ આંખે એટલું કહ્યું કે 'જે દિવસથી પરબ બધાવી ત્યારથી નિર્મલે અમારા સપનામાં આવી પાણી માંગવાનું બંધ કર્યું હતું, તરસ્યા લોકો આ પરબે પાણી પીવે છે અને તરસ મારા દીકરાની છીપાય છે.'

(તસવીર : કશ્યપ નિમાવત)



વરસાદની મોસમ નજીક છે. રસ્તાઓ પર ઠેર ઠેર કેરીનું વેચાણ કરતાં વેપારીઓ નજરે પડે છે.

# ગાંધીનગર જિલ્લામાં આજે સાત ગામોમાં કૃષિ મહોત્સવ

ગાંધીનગર, તા. ૨

સમગ્ર ગાંધીનગર જિલ્લામાં તા.૨૬મી મે, ૨૦૧૪થી કૃષિ મહોત્સવના કાર્યક્રમનો આરંભ થયો હતો. તા.૦૯મી જૂન, ૨૦૧૩ સુધી કૃષિ મહોત્સવનો કાર્યક્રમ યોજાનાર છે.આજે ગાંધીનગર જિલ્લાના સાત ગામોમાં કૃષિ મહોત્સવના કાર્યક્રમ યોજાયા હતા. આવતીકાલ તા. ૦૩ જૂન, ૨૦૧૪ના રોજ ૬ ગામોમાં કૃષિ રથ જશે.

ગાંધીનગર જિલ્લામાં કૃષિ મહોત્સવ૨૦૧૪ અંતર્ગત તાલુકા પંચાયતની સીટ અનુસાર ફરનાર ૭ કૃષિ રથોનું -સ્થાન તા.૨૫મી મે, ૨૦૧૪ના રોજ ગૃહ રાજય મંત્રી અને જિલ્લા સહ -ભારી મંત્રી શ્રી રજનીભાઇ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. આજે કૃષિ મહોત્સવના આઠ દિવસે જિલ્લાના ચાર તાલુકાના ૭ ગામોમાં કૃષિ મહોત્સવના ક્રાયક્રમ યોજાયા હતા. જેમાં માણસા તાલુકામાં મંડાલી ગામે, કલોલ તાલુકામાં ઓળા અને રણછોડપુરા ગામે, દહેગામ તાલુકાના માછંગ મોટી અને રામનગર ગામે અને ગાંધીનગર તાલુકામાં મેદરા અને શેરથા ગામે કૃષિ મહોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો.

જિલ્લાના ૬ ગામોમાં કૃષિ રથ ફરશે. જેમાં ગાંધીનગર તાલુકાના વડોદરા અને જમીયતપુરા ગામે, દહેગામ તાલુકાના ખાડિયા ગામે કલોલ તાલુકાના વાયણા ગામે, માણસા તાલુકાના ગોંવિદપુરા અને રિદ્રોલ ગામે કૃષિ મહોત્સવનો કાર્યક્રમ યોજાશે.

કૃષિ રથની સાથે કૃષિ વૈજ્ઞાનિકો, જિલ્લાના કૃષિબાગાયતપશુપાલન કચેરીના અધિકારીઓ, લાયઝન અધિકારીશ્રી અને સંબંધિત કર્મચારીઓ ઉપસ્થિત રહી ખેડૂતોને ખેતી વિષયક, બાગાયતની ખેતી વિશે અને પશુપાલન સંબંધી જરૂરી માર્ગદર્શન આપે છે. -ગતિશીલ ખેડૂતો પોતાના અનુભવની વાત રજૂ કરી -ેત્સાહન આપે છે. કૃષિ મહોત્સવની સાથે પશુ સારવાર મેળાની પણ વ્યવસ્થા ગોઠવવામાં આવે છે, જેનો ગ્રામજનો મોટી સંખ્યામાં લાભ લેતા હોય છે.

# ધોળાકૂવા ગામમાં ખૂલ્લેઆમ જુગાર રમતા ૪ શખ્સો ઝડપાયા

## ૧૯ હજાર રોકડ મુદ્દામાલ જપ્ત કરી ચારેયની ધરપકડ : સેક્ટર-૭ પોલીસનો દરોડો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર-કોબા હાઈવે પર સ્થિત ધોળાકુવા ગામમાં ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે સે.૭ પોલીસની ટીમે દોરોડો પાડ્યો હતો. ખુલ્લામાં જુગાર રમતા ધોળાકુવા ગામના જ ચાર શખ્સો પોલીસના સકંજામાં આવી ગયા હતા. પોલીસે રૂ.૧૯ હજાર રોકડ મુદ્દામાલ જુગાર સ્થળેથી જ જપ્ત કરી લઈને ચારેય શકુનીઓની ધરપકડ કરી લીધી છે. ચારેય સામે જુગારધારા અંતર્ગત ગુનો નોંધીને સે-૭ પોલીસે ધોરણસરની કાર્યવાહી આરંભી છે.

સેક્ટર.૭ પોલીસ મથકના પી.એસ.આઈ અમિત ભરવાડને આજે બાતમી મળી હતી કે ધોળાકુવા ગામમાં કેટલાક લોકો ખુલ્લેઆમ જુગાર રમી રહ્યા છે. જેને આધારે પી.એસ.આઈ એ.કે.ભરવાડ તથા તેમની ટીમ બાતમી વાળા સ્થળે ધોળાકુવા ગામમાં પહોંચી ગઈ હતી. ત્યાં ખુલ્લામાં ચાર શખ્સો તીન પત્તીની બાજી માંડીને બેઠા હતા. પોલીસની ટીમે દરોડો પાડતા દોડધામ મચી જવા પામી હતી. પોલીસની ટીમે કોર્ડન કરીને જાહેરમાં જુગાર રમી રહેલા ધોળાકુવા ગામના જ ચારેય શખ્સોને રંગેહાથ ઝડપી પડ્યા હતા. તેમની પાસેથી રોકડ રૂ.૧૯ હજાર મળી આવતા પોલીસે રૂ.૧૯ હજારનો રોકડ મુદ્દામાલ કબજે લઈ ચારેય સામે ગુનો દાખલ કરીને ધરપકડ કરી લીધી છે. પોલીસે ધોળાકુવા ગામના જીવાજી કાનાજી ઠાકોર, નરસિંહજી જીવાજી ઠાકોર, કાનાજી જોયતાજી ઠાકોર, અને કનુજી રામસંગજી ઠાકોર મળીને ચારેયની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સેક્ટર-૨૩ સ્વામીનારાયણ મંદિર પાસે બાઈકની ટક્કરથી બાઈકસવાર વૃદ્ધાનું મૃત્યુ

## પાછળથી ધૂમ સ્પીડે આવેલા બાઈકે આગળ ત્રણ સવારી જતા બાઇકને અડફેટે લેતા અકસ્માત સર્જાયો

ગાંધીનગર, તા. ૨


ગાંધીનગર શહેરના સેક્ટર-૨૩ સ્વામીનારાયણ મંદિર પાસેથી ત્રણ સવારી જઈ રહેલા બાઈક ને પાછળથી ધૂમ સ્પીડે આવેલા બાઈક ચાલકે અડફેટે લઈ લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક પર બેસેલા ત્રણેય જણા રસ્તા વચ્ચે પટકાતા ગંભીર રીતે ઘવાયા હતા. જેમાં એક વૃદ્ધાનું માથામાં જબરદસ્ત ઈજાઓ થવાથી ઘટનાસ્થળે જ કમકમાટીભર્યુ મૃત્યુ નીપજયું હતું. આ અકસ્માત બાદ ધૂમ સ્પીડે નીકળેલો શખ્સ બાઈક મુકીને ભાગી ગયો હતો. સે.૨૧ પોલીસે બાઈકચાલક સામે ગુનો દાખલ કરીને ફરાર થઈ ગયેલા આરોપીની શોધખોળ આરંભી છે.

મળતી માહિતી મુજબ આજે સવારના અરસામાં સેક્ટર-૨૫ સહકાર કોલોની ખાતે રહેતા વૃદ્ધા સુશીલાબેન રશીકભાઈ ચૌહાણ સે-૨૫ માં જ રહેતા તેમના ભાઈ ઉમેશભાઈ સુરતવાલા અને ભાભી સાથે બાઈક પર બેસીને સે-૨૩ થી સે-૨૪ તરફના આંતરિક માર્ગ પરથી ત્રણ સવારી પસાર થઈ રહ્યા હતા. તેમની પાછળથી ધૂમ સ્પીડે એક બાઈક આવ્યું અને તેમના બાઈકને જબરદસ્ત ટક્કર મારી દેતા બાઈક ફંગોળાઈ ગયું હતું. અને બાઈક સાથે ત્રણેય રસ્તા પર પટકાઈને ઢસડાયા હતા. આ અકસ્માતમાં ત્રણેય બાઈક સવારને ગંભીર ઈજાઓ થઈ હતી. સુશીલાબેનને માથાના ભાગે વધુ ગંભીર ઈજાઓ થતા તેમનું સ્થળ પર જ -ાણપંખેરું ઉડી જવા પામ્યું હતું. જયારે ઉમેશભાઈ અને ભાભીને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. તો બીજી તરફ બેફામ ગતિએ બાઈક ચલાવીને અકસ્માત કરનાર આરોપી યુવાન સ્થળ પર જ તેનું બાઈક મુકીને ફરાર થઈ ગયો હતો. સે.૨૧ પોલીસે મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી બાઈકચાલક સામે ગુનો નોંધીને તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

# ગાંધીનગરના તરવૈયાઓએ રાજકોટમાં કાઠુ કાઢયું : ૩૪ મેડલ મેળવ્યા

ગાંધીનગર, તા. ૨

તાજેતરમાં રાજકોટ ખાતે ૩૧મી સબ જુનિયર અને ૪૧મી જુનિયર ગુજરાત સ્ટેટ એકવેટિક ચેમ્પિયનશીપ યોજાઈ હતી. સ્પર્ધામાં ગાંધીનગરના તરવૈયાઓએ શાનદાર દેખાવ કરી રેકોર્ડ સ્થાપી શહેરની શાન વધારી છે.








ગુજરાત સ્ટેટ એકવેટિક ચેમ્પિયનશીપ ૨૦૧૪ રાજકોટ ખાતે યોજાઈ હતી. ગત તા. ૨૨ અને ૨૩ મે ના રોજ યોજવામાં આવેલ ગાંધીનગરના તરવૈયાઓએ ભાગ લીધો હતો. જેમાં નગરના તરવૈયાઓએ ૩૪ મેડલ મેળવ્યા છે. જેમાં ૧૧ ગોલ્ડ, ૫ સિલ્વર અને ૧૮ બ્રોન્ઝ મેડલનો સમાવેશ થાય છે.

ગાંધીનગરની શાન વધારતા તરવૈયા રાજીન્દરસિંગ આનંદે ૫૦, ૧૦૦ અને ૨૦૦ મીટર બેક સ્ટ્રોકમાં ગોલ્ડ મેડલ મેળવી નવો વિક્રમ પ્રસ્થાપિત કર્યો છે તેમજ ૫૦ મીટર ફ્રી સ્ટાઈલમાં સિલ્વર અને ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે.



સ્પર્ધામાં દીલપ્રિત કૌરે ૫૦, ૧૦૦, ૪૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં અને ૫૦ મીટર બટલ ફલાયમાં ગોલ્ડ મેડલ અને ૫૦ મીટર બેક સ્ટ્રોકમાં સિલ્વર મેડલ સાથે ગ્રુપ ચેમ્પિયનશીપનો એવોર્ડ મેળવ્યો છે. આ સાથે નિલ સોનેની એ પણ ૫૦, ૧૦૦ અને ૨૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે.

તરણ સ્પર્ધામાં રવિન્દરસિંગ આનંદ દ્વારા ઈન્ડિવિઝયુઅલ મીડલમાં સિલ્વર, ૫૦ મીટર બેક સ્ટ્રોકમાં ગોલ્ડ અને ૧૦૦, ૨૦૦ મીટર બેક સ્ટ્રોકમાં સિલ્વર મેડલનો ખિતાબ મેળવ્યો છે. આ ચારેય તરવૈયાઓએ ગાંધીનગર ડિસ્ટ્રીકટમાં ઉત્કૃષ્ટ યોગદાન આપી નગરની શાન વધારી છે. તમામ ખેલાડીઓએ કુલ ૩૪ મેડલ મેળવી ચાર નવા રેકોર્ડ પ્રસ્થાપિત કર્યા છે.

# ગાંધીનગર શહેર કોંગ્રેસના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ૧ જૂનના રોજ ગાંધીનગર શહેર કોંગ્રેસ સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પક્ષના વિવિધ સમિતિના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પક્ષને વધુ મજબુત બનાવવા શહેરની સમિતિને વિખેરી નવી સમિતિનું નિર્માણ કરવામાં આવશે.

ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ગાંધીનગર શહેર કોંગ્રેસના સ્થાપના દિવસની ઉજવણી પ્રમુખ મુકેશ પટેલની આગેવાનીમાં કરવામાં આવી હતી. સ્થાપના દિવસ હોવાથી પક્ષના વિવિધ સમિતિના પ્રમુખો હોદ્દેદારો તેમજ વિવિધ સેલના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. સર્વે કાર્યકરોની ઉપસ્થિતિમાં સ્નેહમિલન દ્વારા ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે પ્રમુખ મુકેશ પટેલે કાર્યકર્તાઓને જણાવ્યું હતું કે કાર્યકરે પોઝીટીવ ટીમવર્ક દ્વારા કામ કરવુ પડશે. પક્ષને આગળ વધારવા માટે આપણે ખભેખભા મીલાવી કામ કરવુ પડશે તેમજ કોંગ્રેસ પક્ષનો સંદેશ ઘેર ઘેર સુધી પહોંચતો કરવો પડશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના આદેશ મુજબ તમામ મહાનગરપાલિકાની શહેર સમિતિને વિખેરી નાખવામાં આવી છે. ત્યારે ગાંધીનગર કોંગ્રેસ સમિતિ પણ વિખેરી નાખવામાં આવી છે. હવે પક્ષને વધુ મજબુત બનાવવા માટે યુવા અને ઉત્સાહી કાર્યકરોનું સંગઠન બનાવવામાં આવશે અને આગામી વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની સરકાર બને તે માટે કામ આરંભવામાં આવશે.

## સે-૨૮ આરાધના સ્કુલનું સા.પ્ર. ૭૭.૦૬ ટકા પરિણામ

તાજેતરમાં ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ગાંધીનગરની આરાધના વિદ્યા વિહાર સ્કુલનું ૭૭.૦૬ ટકા પરિણામ આવ્યું છે. શાળાના કુલ ૨૧૮ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેનાથી ૧૬૮ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા છે. જેમાં યુવરાજસિંહ ઝાલા ૭૮.૦૮ ટકા સાથે પ્રથમ અશ્વિનભાઈ રાઠોડ ૭૧.૩ ટકા સાથે દ્વિતિય અને નિકીતાબેન પરમારે ૭૧ ટકા સાથે ત્રીજો નંબર મેળવ્યો છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૫

સૂર્યાસ્ત : ૭.૨૦

## તાપમાન

મહત્તમ : ૪૩.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૯.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૭ ટકા ● સાંજે ૨૭ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

**: સ્ક્રીન-૧ :**

સીટીલાઈટ્સ : ૩.૦૦

હીરોપંતી : ૧૦.૦૦ (રાત્રે)

**: સ્ક્રીન-૨ :**

એક્સ મેન : ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**: સ્ક્રીન-૩ :**

હીરોપંતી : ૧૦.૦૦

સીટીલાઈટ્સ: ૧૨.૪૫, ૩.૧૫, ૧૦.૧૫

કુકુ માથુર કી ઝન્ડ હો ગઈ : ૫.૪૫

કૌચડયાન ૨-ડી (તમિલ):૮.૦૦

**: સ્ક્રીન-૪ :**

સીટીલાઈટ્સ : ૧૦.૦૦

હીરોપંતી : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**: સ્ક્રીન-૫ :**

કુકુ માથુર કી ઝન્ડ હો ગઈ : ૫.૪૫

સીટીલાઈટ્સ : ૬.૩૦

હીરોપંતી : ૧૦.૦૦

### સિને મેક્સ

**: સ્ક્રીન-૧ :**

એક્સ-મેન(૩-ડી, હિન્દી) : ૧૦.૧૫,૧.૧૫,૪.૧૫,૭.૧૫,૧૦.૧૫

**: સ્ક્રીન-૨ :**

હીરોપંતી : ૯.૦૦, ૧૨.૦૦

કુકુ માથુર કી ઝન્ડ હો ગઈ : ૩.૦૦, ૫.૩૦, ૧૦.૫૫

ગોડજીલા ૩-ડી (હિન્દી) : ૮.૦૦

**: સ્ક્રીન-૩ :**

કુકુ માથુર કી ઝન્ડ હો ગઈ : ૧૦.૩૦

હીરોપંતી : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

**: સ્ક્રીન-૪ :**

સીટીલાઈટ્સ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

**: સ્ક્રીન-૧ :**

હીરોપંતી : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

## આપની આજ

**મેષ** : ભૂમિ- સંપત્તિના વ્યવસાય સાથે સંકળાયેલ વ્યક્તિઓને લાભ થવાની સંભાવનાઓ છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ રહેશે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવો પડશે. કાયદાની બાબતોમાં વિવાદોનો ઉકેલ થશે.

**વૃષભ** : અથાગ પ્રયત્નોનો ઓછા લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ રહેવાની સંભાવના છે. નવા કાર્યો, વિચાર, યોજનાઓ થઈ શકે છે. આર્થિક વિવાદોથી નુકસાન થવાની સંભાવના રહેલી છે.

**મિથુન** : ઋણથી મુક્ત થઈ શકશો. મિત્રો અને કુટુંબિજનનો સહયોગ કાર્યમાં મળી રહેશે. આર્થિક લાભની તક મળી શકશે. તમારા કાર્યોની પ્રશંસા થશે. વાહન ચલાવચી વખતે સાચવેત રહેવું. નોકરીમાં જવાબદારીને અનુરૂપ કાર્ય કરવું.

**કર્ક** : તમારી મિલનસારીતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક માન- સન્માનમાં વધારો થઈ શકશે. વ્યવસાયિક લાભ અને સુખ-સમૃદ્ધિમાં વધારો થવાની સંભાવના છે.

**સિંહ** : મહત્વપૂર્ણ કાર્ય પર ખર્ચ થશે. લાભ મળવાના પ્રબળ યોગ બની રહ્યા છે. કુટુંબમાં માંગલિક કાર્યોનું આયોજન થઈ શકશે. શત્રુ, વિવાદ વગેરેમાં ખર્ચ થઈ શકે છે.

**કન્યા** : આજે આપને પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા આપશે. પૂર્વમાં કરવામાં આવેલ કાર્યોનું ફળ પ્રાપ્ત થઈ શકશે. સંબંધોમાં સુધારો થશે.

**તુલા** : અધૂરા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતામાં વધારો થશે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે. અને દિવસ પ્રસન્નતાથી પસાર થઈ શકશે.

**વૃશ્ચિક** : નવા સંબંધો સ્થપાશે. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે.

**ધન** : યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકશે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકે છે. દામ્પત્ય સુખમાં કમી આવી શકે છે.

**મકર** : સામાજિક અને રાજકીય ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યોનું આયોજન થઈ શકે છે.

**કુંભ** : વિશેષ ઉન્નતિકારક યોગને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થઈ શકશે. ગુસ્સા પર કાબુ રાખવો.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. કુટુંબમાં સારું વાતાવરણ આપના મનને પ્રસન્નતા અને પ્રગતિમાં સહાયક બની રહેશે. વિરોધીઓ પરેશાન કરી શકે છે. સાવચેતી રાખવી.

## ચિરવિદાય

- સ્વ. ઈશાન સુભાષભાઈ દવે (ઉ.વ. ૨૩) પ્લોટ નં. ૮૪૪/૨, સેકટર-૨, ગાંધીનગર.
- સ્વ. વત્સલ પંકજકુમાર પંડ્યા (ઉ.વ.૨૮) પ્લોટ નં. ૨૭૯/૨, સેકટર-૭એ, ગાંધીનગર.
- ઠાકોર ઉદાજી જેણાજી (ઉ.વ.૮૦) મુ. આલમપુર, તા.જી. ગાંધીનગર.
- પ્રાણજીવનભાઈ પ્રેમજીભાઈ ધીમ્મર (ઉ.વ.૮૪) પ્લોટ નં. ૧૭૨/બી, સેક્ટર-૨૨, ગાંધીનગર.